અપીલ અરજી નં.૨૧૧ તા.૧૪–૧૦–૦૮/૦૯

અરજદારઃ શ્રી અર્જુનસિંહ ફતેસિંહ સોલંકી
સામાવાળાઃ ડે.કમિશ્નર (હે.અને હો.)અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**હુકમઃ–**

**વિષય :**–આર ટીઆઈ એકટ હેઠળ શ્રી અર્જુનસિંહ ફતેસિંહ સોલંકીની તા.૨૮–૮–૦૮અરજીથી ગણેશનગર,જયમેલડી નગર, મણીનગર,અને ભરતનગર જેવા ધારા–ધોરણો મુજબ ઠાકોરનગરને બી.પી.એમ.સી.એકટ હેઠળ ૬૩/૨ હેઠળ શા માટે જાહેર કરવામાં આવેલ નથી. તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૪–૧૦–'૦૮ ની અપીલ અરજી નં.૨૧૧/૨૦૦૮–૦૯

શ્રી અર્જુનસિંહ ફતેસિંહ સોલંકીની તા.૨૮–૮–૦૮અરજીથી ગણેશનગર,જયમેલડીનગર, મણીનગર,અને ભરતનગર જેવા ધારા–ધોરણો મુજબ ઠાકોરનગરને બી.પી.એમ.સી.એકટ હેઠળ ૬૩/૨ હેઠળ જાહેર કરવામાં આવેલ હોવા છતાં શા માટે જાહેર કરવામાં આવેલ નથી. તેના કારણો લેખિતમાં જણાવવા બાબતે ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૫૧૬ તા.૨૫–૯–૦૮ થી આપેલ માહિતી ખોટી પુરી પાડેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૧૦–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૯૫ તા.૨૨–૧૦–૦૮ થી ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સા.ઈ.ઝોન/આ.નં.૨૮૨૨ તા.૨૪–૧૦–૦૮ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજીમાં ગણેશનગર,જયમેલડી નગર, મણીનગર,અને ભરતનગર જેવા ધારા–ધોરણો મુજબ ઠાકોરનગરને બી.પી.એમ.સી.એકટ હેઠળ ૬૩/૨ હેઠળ શા માટે જાહેર કરવામાં આવેલ નથી. તેની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઈ.ઝોન/મહેકમ/૨૫૧૬ તા.૨૫–૯–૦૮ થી ઠાકોરનગર વસાહતને ૬૩/૨ હેઠળ જાહેર કરવામાં આવેલ નથી એમ જણાવેલ. જયારે અરજદારની અપીલ અરજીમાં મે.મેયર અને કમિશ્નરશ્રી સુમનપા ના હુકમ મુજબ ઠાકોરનગરને બીપીએમસી એકટ હેઠળ ૬૩/૨ હેઠળ જાહેર કરવા બાબતનો મનપાનો તા.૨૯–૩–૧૯૯૬ નો દફતરી સંદર્ભ રજૂ કરી ગેરમાર્ગે દોરતી માહિતી આપેલ હોવાનું જણાવેલ છે. દરમ્યાન જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૭૪૧ તા.૧૮–૧૦–૦૮ થી ઠાકોરનગર વસાહત બ્લોક નં.૨૮૫ જયમેલડીનગર વસાહતની બાજુમાં આવેલ છે જે ૬૩/૨ હેઠળ જાહેર કરવામાં આવેલ એવી માહિતી અરજદારને આપવામાં આવેલ છે. તથા તેની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૮–૮–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. જાહેર માહિતી અધિકારીને હવે પછી આવી બાબતોમાં પૂર્વાપર સંદર્ભ યોગ્ય રીતે ચકાસ્યા બાદ કાળજી પૂર્વક માહિતી પૂરી પાડવા સૂચિત કરવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧)ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ,....જાણ તથા અમલ માટે
(૨) શ્રી અર્જુનસિંહ ફતેસિંહ સોલંકી